॥ स्वस्थस्य स्वास्थ्य रक्षणम ॥

# ગલબાભાઈ નાનજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુર

સરનામું : આરોગ્ય કેન્દ્ર,બનાસડેરી મો: ૯૮૨૪૩૮૪૩૧૬

તા : ૦૭/ ૦૨/૨૦૨૩

## ટેન્ડર નોટીસ

બનાસડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ,પાલનપુર દ્વારા જન ભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત નક્કી કરેલ સ્થળો/સાઈટો ઉપર નવીન તળાવો બનાવવા/હયાત તળાવ ઉંડા,મોટા કરવાની કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી ધરાવતા અને સક્ષમ ઈજારદારોએ આરોગ્ય કેન્દ્ર (બનાસડેરી, પાલનપુર)માં ટેન્ડર ફી પેટે રૂપિયા ૫૯૦/- (૧૮% GST સાથે) ભરી ટેન્ડર કોપી મેળવી, ભરેલ ટેન્ડર કોપી સાથે ૨૦,૦૦૦/-(રૂપિયા વીસ હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ જળસંચય–ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, પાલનપુરના નામનો સીલ બંધ કવર તા:૨૫/૦૨/૨૦૨૩ ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં ટ્રસ્ટમાં ઉપરોક્ત સરનામે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર મંજુર અથવા નામંજુર કરવાનો અધિકાર ટ્રસ્ટના સીની.કાર્યકારી અધિકારીનો રહેશે. કામ કરવાની લાયકાત અને શરતો વેબ સાઈટ www.bmcri.co.in, ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડર ફી નોન રીફંડેબલ રહેશે.

સીની. કાર્યકારી અધિકારી
જી.એન.પી.સી.ટી-પાલનપુર

જી.એન.પી.સી.ટી/જળસંચય/ તા:- ૦૭/૦૨ /૨૦૨૩

## <u>ટેન્ડર</u>

**<u>કામનું ટૂંકું વર્ણન</u>**:- ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, બનાસડેરી,પાલનપુર દ્વારા જનભાગીદારીથી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત આ સાથે જોડેલ બીડાણ મુજબના સ્થળોએ તથા ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવનાર બીજા અન્ય સ્થળોએ માટીકામ કરવાના રહેશે.નક્કી કરેલ સ્થળ/સાઇટ ઉપર પોતાની માલિકી કે ભાડાની સાધન સામગ્રી જેવી હિટાચી,આઇવા,લોડર,ડમ્પર,જેસીબી,ટ્રેક્ટર,ટ્રોલી વગેરે જરૂરી સાધનો ધરાવતા સક્ષમ ઇજારદારોએ દર્શાવેલ સ્થળ/સાઇટ ઉપર સૂચના અનુસારની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈમાં દરેક પ્રકારની માટી/સોફ્ટ મોરમ વગેરે જરૂરી મશીનરી દ્વારા ખોદાણ-કામ કરી, જરૂરી સાધનોમાં ભરીને સૂચના અનુસાર દર્શાવેલ જગ્યાએ તળાવની ખોદકામમાં તળાવની ધારો ઉપર સ્લોપ આપવાનો રહેશે અને ૧.૫ મીટરની ઊંડાઈ કરતા વધારે ઊંડાઈ કરવાની થાયતો ૨.૦ મીટરનું સ્ટેપ રાખી તેની અંદર ખોદકામ કરવાનું,પાળા બંધ બનાવી, લેવલીંગ,રોલિંગ, કોમ્પેકશન વગેરે કરી સુચના અનુસાર જરૂરી સંપૂર્ણ કામપૂર્ણ કરી આપવાનુ રહેશે.

- **<u>કામનો અંદાજીત જથ્થો</u>**: ઇજારદારે પ્રતિ ઘનમીટર(Cu.MT.)નો ભાવ આપવાનો રહેશે. કામના જથ્થાની સ્થળ સ્થિતિ પ્રમાણે વધ-ઘટ થવાની શક્યતા રહેલી છે.
- **<u>કામપૂર્ણ કરવાની સમયમર્યાદા</u>**:- બૃહદ બનાસકાંઠામા જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ સ્થળોએ ટેન્ડર મંજુર થયેથી દિન ૭(સાત)માં કામ શરૂ કરવાનું રહેશે. સદર કામનો ઓર્ડર મળ્યેથી કામના પ્રમાણમાં જી.એન.પી.સી.ટી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે.

1. **<u>કામ કરવાની લાયકાત</u>** :- આ પ્રકારના કામ માટે જરૂરી મશીનરી જેવી કે હિટાચી/ જેસીબી/ આઇવા/ ટ્રેક્ટર ઇજારદાર પાસે પોતાની માલિકીની/ભાડા કરાર ઉપર હોવા જોઈએ.મશીનરી પોતાની માલિકીની/ભાડા કરાર ઉપર હોય તેની પૂરી વિગત સાથેનું બાહેંધરી પત્ર આપવાનું રહેશે.
2. **<u>કામ બાબતની શરતો</u>** :-

(૧) ટેન્ડર સાથે જમા કરાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ, ભાવ મંજુર થયેલ ઇજારદાર સિવાયના ઇજારદારને ૧૫ દિવસમાં પરત કરવામાં આવશે.**મંજુર થયેલ ઇજારદારને કામ પૂર્ણ થયે બાનાની રકમ પરત કરવામાં આવશે.**

(૨) જી.એન.પી.સી.ટી દ્વારા નક્કી કરેલ જગ્યાએ જ કામ કરવાનું રહેશે.તેમજ ખોદેલ માટી /સોફ્ટ મુરમ સુચના અનુસાર નક્કી કરેલ જગ્યાએ જ ઉપયોગ કરવાનો રહેશે.તે સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ ખોદેલ માટીનો જથ્થો માપમાં ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૩) ઉપરોકત ઘન મીટર(Cu.MT.)ના ભાવ, લાગું પડતા ટેક્ષ સાથેના આપવાના રહેશે. જો રોયલ્ટી લાગું પડશે તો તેના જરૂરી પુરાવા રજુ કર્યેથી ટ્રસ્ટ દ્વારા તે અલગથી ચુકવવામાં

આવશે. ઇજારદારે ભાવ ભરતી વખતે સદર બાબતને ધ્યાનમાં લેવી. જી.એન.પી.સી.ટી દ્વારા લેબર સેશ,TDS નિયમાનુસાર કાપીને બીલનુ ચુકવણું કરવામાં આવશે.

(૪) સંસ્થાનાં નીતિનિયમોનુ પાલન ઇજારદારશ્રી એ કામ પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનું રેહશે.

(૫) સદર કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રેહશે, જો કામ પૂર્ણ થવામાં વિલંબ થશે તો કરેલ કામનુ પેમેન્ટ જી.એન.પી.સી.ટી દ્વારા અટકાવામાં આવશે તેમજ તે કામ અન્ય ઇજારદારશ્રી પાસે કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે પૂર્ણ કરાવવામાં આવશે તથા ટ્રસ્ટ દ્વારા કરેલ કામનું પેમેન્ટ ચુકવવામાં આવશે નહિ. જી.એન.પી.સી.ટી.ને અધિકાર અબાધિત રહેશે.

(૬) જળશક્તિ અભિયાન હેઠળ લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે કામગીરીમાં થયેલ માટીકામના જથ્થા મુજબ ચુકવણું કરવાનું હોવાથી કામના માપો લંબાઈ X પહોળાઈ X ઊંડાઈ(LxBxD) મુજબ લેવાના રહેશે.

(૭) અનિવાર્ય સંજોગોમાં સદર કામ દરમ્યાન કોઈપણ જાતનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો જી.એન.પી.સી.ટીના સીની. કાર્યકારી અધિકારી દ્વારા લીધેલ નિર્ણય અંતિમ ગણાશે તેમજ સદર બાબતે કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો થશે તો તે માટેનું ન્યાયનું કાર્યક્ષેત્ર પાલનપુર રહેશે.

(૮) જળશક્તિ અભિયાન અંતર્ગત ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ સ્થળોએ ટ્રસ્ટ દ્વારા મંજુર કરેલ ભાવો મુજબ ઇજારદારે અન્ય સાઈટો ઉપર પણ કામ કરી આપવાનું રહેશે.

(૯) ઇજારદારશ્રીએ પોતાની માલિકીની સાધન સામગ્રી હોય તો તેના રજીસ્ટ્રેશન(નોધણી)ના પુરાવાની નકલ જોડવાની રહેશે. જો ભાડેથી સાધન સામગ્રી લીધેલ હોય તો તેના ભાડા કરાર સાથે જોડવાના રહેશે.

(૧૦) ઇજારદારશ્રી એ સદર કામના ખોદકામ પહેલાના, ચાલુ ખોદકામના અને ખોદકામ પૂર્ણ થયાના અક્ષાંસ અને રેખાંશ સાથે ના એમ ત્રણ કલર ફોટોગ્રાફ્સ બનાસ જળશક્તિ ઓફિસમાં આપવાના રહેશે.

3. **પેમેન્ટ ચુકવણાની રીત**:- ૨૫% જેટલું કામ પૂર્ણ થયેથી ૧૫% પેમેન્ટ ૫૦% જેટલું કામ પૂર્ણ થયેથી બીજા ૨૦% પેમેન્ટ, ૭૫% જેટલું કામ પૂર્ણ થયેથી બીજા ૩૦% અને ૧૦૦% કામ સંતોષકારક રીતે પૂર્ણ થયેથી બાકીનું ૩૫% પેમેન્ટ જી.એન.પી.સી.ટી.ની ટીમનું કામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મળ્યેથી દિન ૧૫(પંદર)માં પેમેન્ટ કરવામાં આવશે. સદર ચુકવણું ચેક/આરટીજીએસ/એનઈએફટી દ્વારા કરવામાં આવશે. રોકડ કે ઈંધણના બળતણ તરીકે કોઈ પણ જાતનું ચુકવણું કરવામાં આવશે નહી.
4. **ટેન્ડરની શરતોમાં જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તેની સંપૂર્ણ સત્તા સીની. કાર્યકારી અધિકારીની રહેશે.**